**પાલડી પોલીસ સ્ટેશન પાર્ટ–એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૬૨૫૦૦૧૨/૨૦૨૫ ના કામે આરોપી – ઓમપ્રકાશ કોઠારી રામદયાલ યાદવ અને આરોપી–રાજકુમાર ઉર્ફે કુંદન ચંદ્રપાલ પ્રભુદયાલ યાદવની જામીન અરજી લગત હુકમ:**

(૧) આરોપીની જામીન અરજી વંચાણે લીધી. આરોપી તરફે વિધ્વાન વકીલ શ્રી તથા સરકાર તરફે વિ.એપીપીશ્રીને સાંભળ્યા. તપાસ કરનાર અમલદાર/ઈન્ચાર્જ અમલદારશ્રીને સાંભળ્યાં. ફરીયાદ તથા તપાસના કાગળ તથા કેસ ડાયરી વંચાણે લીધા.

(૨) આરોપી તરફે વિધ્વાન વકીલશ્રીએ રજુઆત કરતાં જણાવેલ છે કે, આરોપી નિર્દોષ છે, આરોપીને ખોટી રીતે ગુનામાં સંડોવી દીધેલ છે, આરોપી કયાંય નાસી ભાગી જાય તેમ નથી આરોપીએ અન્ય કોઈ ગુન્હો કરેલ નથી, આરોપી સામે નોંધાયેલ ગુન્હો દેહાંત દંડ કે આજીવન કેદ ની સજાને પાત્ર ગુન્હો નથી આરોપીની ટ્રાયલ સમયે હાજર રહેશે, અદાલત જે કાઈ શરતો ફરમાવશે તે તમામ શરતોનું અચુક પાલન કરશે, આરોપી ઉપર જે ગુન્હાનો આક્ષેપ છે તે આજ અદાલત ધ્વારા ટ્રાયબલ કેસ છે તેવી રજુઆત કરી આરોપીને જામીન ઉપર મુકત કરવાં ભારપૂર્વક રજુઆત કરેલ છે.

(૩) સરકાર તરફે એપીપીશ્રી પોતાની દલીલમાં એવું જણાવે છે કે, આ કામમાં પોલીસ તરફથી ગુન્હાની જે કલમ લગાડવામાં આવેલ છે તે બરોબર છે, આરોપીઓ વિરુધ્ધ જે ગુન્હાનો આક્ષેપ છે તે આરોપીએ જ કરેલ છે, આરોપીએ જે પ્રકારે ગુન્હો આચરેલ છે તેનુ સ્વરૂપ ધ્યાને લેતાં ખુબ ગં ભીર પ્રકારે ગુન્હો આચરેલ છે. સમાજમાં દીન પ્રતિદીન આવા પ્રકારના ગુન્હાનું પ્રમાણ વધતું જાય છે અને આરોપી સરળતાથી બેલ આઉટ થતા બીજા ગુનેગારો પણ આવા ગુના કરવા પ્ર ેરાય છે અને રાજય તથા સમાજ ને ખુબ મોટા પ્રમાણમાં નુકશાન જાય છે. આરોપી એ જે રીતે ગુન્હો આચરેલ છે તે ધ્યાને લેતાં આરોપીને જામીન મુકત કરવાં જેવો કેસ જણાઈ આવતો ના હોય આથી આરોપીને જામીન ઉપર મુકત કરવા સામે સખ્ત વાંધો લીધેલ છે.

(૪) આરોપીના વિધ્વાન વકીલશ્રી સરકાર તરફે વિ.એપીપીશ્રી તથા તપાસ કરનાર અમલદારની રજૂઆત તથા રજુ કરવામાં આવેલ કેસ પેપર્સ ધ્યાને લેતાં આ કામના આરોપી ઉપર ધી બી.અને.એસ –૨૦૨૩ કલમ–૩૦૫(બી),૫૪ મુજબના ગુન્હા નોંધાયેલ છે. જામીન અરજીના

તબ્બકે નામ સુપ્રિમકોર્ટ તેમજ ગુજરાત હાઈકોર્ટે પ્રસ્થાપિત કરેલા સિધ્ધાંતો ધ્યાને લેવામાં આવેલ છે તેમજ સંજય ચંન્દા વિરુધ્ધ સી.બી.આઈ.૨૦૧૨(૧) એસ સી સી પેઝ નંબર–૪૦, ના ચુકાદામાં તથા સત્યેન્દ્ર  અંતીલ વિ. સીબીઆઈના કેસના  ચુકાદામાં નામદાર સુપ્રિમકોર્ટે કરેલા અવલોકન ધ્યાન સમક્ષ રાખતાં આ કામના આરોપી ઉપર જે ગુનાનો આરોપ છે તે ગુનાનું સ્વરૂપ તેમજ વધુમાં વધુ આ ગુનામાં સજાની જોગવાઈ આરોપીની પરિસ્થિતી  તેમજ આરોપી તથા તેમના વિ.વકીલશ્રી એવું જણાવતા હોય કે દર મુદતે અદાલતમાં હાજર રહી કેસ આગળ ચલાવી લેશે આ તમામ બાબતો ધ્યાન સમક્ષ રાખતાં  હાલના આ કેસમાં શરતો મુકવી યોગ્ય જણાઈ આવતાં હાલની આ જામીન અરજીના કામે ન્યાયના હિતમાં નીચે મુજબનો  હુકમ કરવામાં આવે છે:

**::: <u>હુ ક મ</u> :::**

પાલડી પોલીસ સ્ટેશન પાર્ટ–એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૬૨૫૦૦૧૨/૨૦૨૫, બી.એન.એસ – કલમ–૩૦૫(બી),૫૪ મુજબના કામના આરોપી– ઓમપ્રકાશ કોઠારી રામદયાલ યાદવ અને આરોપી–રાજકુમાર ઉર્ફે કુંદન ચંદ્રપાલ પ્રભુદયાલ યાદવ, રહે. ઠાકોર વાસ સુર્યા કાકીના મકાનમાં, ગુલબાઈ ટેકરા,અમદાવાદ નાઓની ઉપરોકત ગુનાના કામમાં  રૂા.૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પુરા) ના સધ્ધર જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો આપ્યેથી નીચેની શરતોને આધીન જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે  છે.

**<u>શરતો:–</u>**

(૧) આરોપીએ ફરીયાદપક્ષના સાક્ષી, પુરાવા સાથે ચેડા કરવાં નહી  કે લોભ લાલચ  પ્રલોભન કે ધાક ધમકી આપવી નહી.

(૨) આરોપીએ તપાસના કામે  સંપૂર્ણ સાથ– સહકાર આપવાનો રહેશે અને  તપાસ કરનાર અધિકારી તપાસના કામે જયાં અને જયારે  બોલાવે ત્યાં અને ત્યારે ઉપસ્થિત થવું.

(૩) આરોપીએ પોતાના રહેણાંકનું કાયમી સરનામું, ટેલીફોન,મોબાઈલ નંબર સાથે ૦૭ (સાત) દિવસ માં જાહેર કરવાના રહેશે અને તે અંગેના સરકારી આધાર તપાસ કરનાર અમલદારને  રજુ કરવાના રહેશે અને તપાસ કરનાર અમલદારે તે તપાસના કામે સામેલ રાખવાના રહેશે.

(૪) આરોપી જો પાસપોર્ટ ધરાવતાં હોય તો ૦૭ (સાત) દિવસમાં તપાસ કરનાર અમલદાર સમક્ષ જમા કરાવાના રહેશે અને જો પાસપોર્ટ ધરાવતાં ના હોય તો તે બાબત પુરસીસ ધ્વારા જાહેર કરવાની રહેશે.

(૫) આરોપીએ અદાલતની પરવાનગી વગર ગુજરાત રાજય ની હદ છોડવી નહી.

(૬) આરોપીએ ફરી આવો કે, અન્ય કોઈપણ પ્રકારનો ગુનો આચરવો નહી.

(૭) આરોપીએ ટ્રાયલ દરમ્યાન દર મુદૃતે હાજર રહી કેસ આગળ ચલાવી લેવાનો રહેશે.

(૮) ઉપરોકત શરતો પૈકી કોઈપણ શરતનો આરોપી ભંગ કરશે તો તેઓના જામીન આપોઆપ રદ ગણાશે.

(૯) ઉપરોકત તમામ શરતો આરોપી બરોબર રીતે સમજયાં છે અને તેઓ આ શરતોનું બીનચુક પાલન કરશે તે બાબત ની બાહેધરી રજુ કરવાની રહેશે.

–આરોપી ધ્વારા કોઈપણ શરતનો ભંગ કર્યાની જાણ (યોગ્ય આધાર સાથે) તપાસ કરનાર અમલદાર કે, થાણા અધિકારીએ આ અદાલતને તાત્કાલીક કરવાની રહેશે.

– સદર હુકમ ની જાણ લગત પોલીસ સ્ટેશનને યોગ્ય કાર્યવાહી માટે તાત્કાલીક મોકલી આપવાની રહેશે.

આ હુકમ આજ તારીખ–૦૮મી માહે–માર્ચ સને–૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાં ચી સંભળાવી મારી સહી કરીને જાહેર કર્યો.

તારીખ: ૦૮/૦૩/ ૨૦૨૫

સ્થળ:– અમદાવાદ

( કમલેશ નાથાભાઈ પ્રજાપતિ )

૫માં એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,

સરસ એન.આઈ. કોર્ટ નં.૧, અમદાવાદ શહેર

(કોડ જીજે–૦૦૮૮૬)